Indian Journal of Social Sciences and Literature Studies
Vol. 9, Issue 2, December 2023
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (online)

# કેશુભાઈ દેસાઈની નવલકથા - 'ઈન્દ્રાવતી'

**પ્રા. હિના ટી. દેસાઈ**
એસોસિયેટ પ્રોફેસર
એમ.ટી.બી. આર્ટ્સ કોલેજ, સુરત

"લોકપ્રિય સાહિત્ય એ તરલ સંજ્ઞા છે. ... કોઈ નિશ્ચિત વ્યાખ્યા કરવી અઘરી છે"[૧] છતાં પરિચિત કે રોમાંચક સામગ્રીમાંથી કથાવાર્તા ઘડી, સરળ સચોટ ભાષાશૈલીમાં સમૂહના-સામાન્યજનના મનોરંજન અર્થે લખાયેલી કૃતિને આપણે લોકપ્રિય સાહિત્યના વર્ગમાં મૂકીએ છીએ. આવી જ એક કૃતિની ચર્ચા કરવાનું વિચાર્યું છે.

ગુજરાતીના સાક્ષરવર્ય આદરણીય શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીને છેક એમના સર્જનના આરંભ સમયમાં 'એક મોટા ગજાના નવલકથાકાર"[૨] વરતાયા હતા એ કેશુભાઈ દેસાઈ એક સંવેદનશીલ અને સામાજિક નિસબતથી લખનારા સર્જક છે. 'વન વનનાં પારેવાં' અને 'જોબનવન' જેવી 'સાબરકાંઠાવિસ્તારના લોકજીવનની ઝાંખી કરાવતી'[3] નવલકથાઓથી શરૂ થયેલી એમની લોકપ્રિય કલમ પચીસથી વધુ નવલકથા, પાંચથી વધુ વાર્તાસંગ્રહ, ચાર લઘુવાર્તાસંગ્રહ, રેખાચિત્ર, સ્મૃતિકથા, નિબંધસંગ્રહો, નાટક, પ્રવાસપુસ્તક એમ વિવિધ સ્વરૂપોમાં વિશાળ લેખનપટ ધરાવે છે. નવલકથાકાર કેશુભાઈ દેસાઈ સુપ્રતિષ્ઠ છે. લેખકને 'મન નવલકથા એ લાંબી વાર્તા જ છે.'[૪] આથી 'વાર્તારસ' જાળવી જાણે છે. નવલકથાકાર તરીકે બહોળા અનુભવે ઘડાયેલી કલમે 'ઈન્દ્રાવતી' નામની આદર્શોન્મુખ, પરંતુ યથાર્થવાદી સાથે નારીવાદી ઝલક દર્શાવતી નવલકથા ઈ. ૨૦૨૧માં મળે છે.

સમકાલીન સમાજમાં જે કંઈ ચાલે છે  તેને મનોરંજનના માળખામાં ગોઠવીને થયેલ સાહિત્યરચનાને બહોળો વાચક વર્ગ મળી રહે છે. પ્રજાજીવનમાં આવેલાં સારાં-નરસાં પરિવર્તનોનાં પ્રતિબિંબ ઝીલનાર સર્જક સ્વાભાવિક રીતે લોકપ્રિય સર્જક બને છે. કેશુભાઈ દેસાઈ સામાજાભિમુખ થઈ લખનારા સર્જક છે.

'ઈન્દ્રાવતી' નવલકથા ગામડાં તૂટ્યાં, શહેર વિકસ્યાંની વેદના કરતાંય વધુ તો ગામમાં જેનું હતું તેનું છીનવાઈ ગયું, બદલામાં જે મળ્યું તે એળે ગયું. 'ન ઘરનાં ન ઘાટનાં'ની સ્થિતિમાં આવી પડેલ પોતાની જ જમીન પર ઊભા થયેલા મોટા મોટા બંગલાને, પ્રકૃતિસભર સ્વચ્છ પર્યાવરણ વચ્ચે ચમચમાતી ગાડીમાં જતા-આવતા અધિકારીઓના પડતા વટને વલવલતા હૃદયે જોયા કરતા સ્વાભિમાની એવા દરબાર-ખેડૂતોની, જમીનના સાચા માલિકોની વ્યથાની, વ્યર્થ થતા જતા જીવનની કથા છે.

મુખપૃષ્ઠ ઉપર જ '"ઈન્દ્રાવતી", ગામડાંને હજમ કરી અજગરની જેમ ફેલાઈ રહેલા પાટનગરની કથા'[૫] એવું દીર્ઘ શીર્ષક કે પેટા શીર્ષક પણ છે. પુસ્તકમાં લેખકે કૃતિને 'ગળતાં કોતરની કથા'[૬] ગણાવી. પુસ્તકના અંતિમ પૃષ્ઠમાં આ 'વેદનાનો માર્મિક દસ્તાવેજ'[૭] સમી કથા એવું ય લખાયું અને ડૉ. ગુણવંત વ્યાસને 'અન્યાયના અંધકારને ઉજાળતા એક નારીયત્નની કથા'[૮] જણાય છે. આમ, આ કૃતિના ઉપરોક્ત શીર્ષક પરથી જ જણાય છે કે, સત્યની નજીક, સાંપ્રત સમસ્યાને દર્શાવતી, વેડફાતા જીવનને સીધે રસ્તે વાળવાના એક સંવેદનશીલ મહિલા અધિકારીના સંનિષ્ઠ પ્રયાસને કારણે ઉકેલ તરફ ગતિ કરતી કથા પણ બની રહે છે. માત્ર સમસ્યાનું વાસ્તવિક નિરૂપણ જ નહિ, પરંતુ સમસ્યાના ઉપાય તરફ સહજ જ ઝોક, મુખર બન્યા વિનાના ગરિમાયુક્ત - 'ગરિમા'ના પ્રયાસ એ આ નવલકથાનો વિશેષ છે! સર્જકે લખ્યું છે, "નવું પાટનગર વસાવવાનું હતું એટલે દેખીતી રીતે એક મોટા ફલક પર આધુનિક નગરયોજના મુજબ સાતેક ગામડાંની જમીન એકવાયર કરી લેવી પડે એમ હતી. એમાં સૌથી વધારે નુકસાન પહોંચ્યું સાબરતટે પ્રાચીનકાળથી વસેલા ઇંદ્રોડા ગામને. આખું ગામ દરબારો અને ઠાકોરભાઈઓનું. એની તમામ જમીન ગાંધીનગર નામનો અજગર ગળી ગયો. નિયમ મુજબ નામનું જે કંઈ વળતર ચૂકવાયું એ તો ક્યાંક કરિયાવરમાં, મામેરામાં કે બારમામાં વપરાઈ ગયું. દુકાન માટેના પ્લોટ ફાળવાયેલા, પણ ખેડૂતના દીકરાને વેપાર કરતાં થોડો આવડે ? એ પણ શેઠ-શાહુકારને વેચાઈ ગયા. રહી ગયો વિકલ્પ માત્ર કોતરોમાં દારૂ ગાળી પેટિયું રળી લેવાનો ...

આ કોઈ કાલ્પનિક તારણ નથી. અંગ્રેજીમાં જેને from the horse's mouth કહે છે એવી ઇંદ્રોડાના જ સદગૃહસ્થોના મોઢે સાંભળેલી વાત છે. એ સાંભળીને હું હચમચી ગયેલો. મૂળે હું પણ ધરતીનો છોરું ... "[૯]

- આ નિસબતથી લખાયેલ કૃતિ છે. કૃતિનિર્માણનું આ કારણ છે. નવ સેકટરના લેખકના "નિવાસસ્થાન સામે સરકારે ઉગાડેલા કૃત્રિમ જંગલમાં ઇંદ્રોડાનાં ઢોર ચરવા આવતાં એ બંગલાઓમાં રહેતા સરકારી અધિકારીઓને નહોતું ગમતું. પણ ક્યારેક જ્યાં પોતાનાં હરિયાળાં ખેતર હતાં ત્યાં ઉગાડેલા જંગલમાં પોતાનાં ઢોર લઈને પ્રવેશવાનો પણ હક નહીં? અહી મેં અરેરાટી ઊપજાવે એવી એક ઘટના કલ્પી છે જે પછી નવલકથામાં પરિણમે છે."[૧૦] આમ, સત્યઘટનાનો આશ્રય લઈ, સામાજિક પ્રશ્નોને, લોકોના પ્રશ્નોને વાચા આપતી, આ કૃતિ લોકપ્રિય સાહિત્યકૃતિની સાથે શિષ્ટસાહિત્યની જેમ કલાત્મક કૃતિ પણ બની રહે છે. સાર્વજનિક ભાવસંવેદનો અહી નિરૂપાયાં છે. આ કૃતિનું રૂપ સ્વાનુભવરસિક તેમ સર્વાનુભવ- રસિક બંને બની રહે છે. પરિચિત વાત અહી 'નવીન વિષય' બનીને આવે છે.

અઠ્ઠાવીસ પ્રકરણોમાં વહેંચાયેલી કાલ્પનિક છતાં વાસ્તવની ધરા પર પાંગરેલી, વીસ વર્ષોના ખાસ્સા દીર્ઘકાળની સર્જન પ્રક્રિયા પછી પ્રગટેલી 'ઈન્દ્રાવતી'નું વિષયવસ્તુ સર્જકને ગાંધીનગરના નિવાસના પ્રારંભિકકાળમાં જ સાંપડેલું. સ્થળપ્રધાન, કાળપ્રધાન અને નાયિકા-પ્રધાન બની શકતી આ કૃતિ ઇંદ્રોડા અને ગાંધીનગરને કેન્દ્રમાં રાખીને લખાયેલી છે. કાળાંતરે ઇંદ્રોડામાંથી પાટનગર ગાંધીનગરમાં રૂપાંતર થયેલ સ્થળ વિશેષને કારણે અન્યાય પામેલ મૂળ ઇંદ્રોડાવાસીઓ - દરબારો અને ઠાકોરોની બરબાદ થયેલ જિંદગીને કંઈક થાળે પાડવાના મહિલા શિક્ષણસચિવ ગરિમાના પ્રયત્ન અને પ્રયત્નને સફળ કરવાના પડકારની કથા પણ છે. ટૂંકમાં સર્જક આ કૃતિ દ્વારા "ગ્રાઉન્ડ રિયાલિટી"[૧૧] તરફ નજર રાખે છે.

સાબરકાંઠા જિલ્લાની કલેકટર રહી ચૂકેલ અને હવે ગાંધીનગરમાં શિક્ષણસચિવની ભૂમિકા 'ગરિમા' ખરા અર્થમાં નિભાવે છે. નૈતિક જવાબદારી સમજીને જે થઈ શકે તે કરવા એ પ્રયત્નશીલ બને છે. દારૂ ગાળવાના અવળાધંધે ચડી ગયેલ ઇંદ્રોડાવાસીઓને સીધે રસ્તે વાળવાના, એઓની સમસ્યાને સમજીને વ્યવસ્થિત આવક રળી શકે એ દિશા ચીંધવાના અને એમ સ્વમાન-

સન્માનભેર સમાજમાં સ્થાન આપવાના સક્રિય પ્રયાસ સરકારી અધિકારી ગરિમા કરે છે. સ્થળ ઇંદ્રોડા-ગાંધીનગર. કેન્દ્રવર્તી પાત્ર તે 'ગરિમા'. દક્ષિણ ભારતની, પ્રકૃતિપ્રેમી, વાચનશોખીન, વ્યવહાર અને વહીવટકુશળ સૌ પ્રત્યે સમભાવ રાખનારી ગાંધીનગરના સેકટર-૧ગ પ્રકારના નાના રહસ્યમય ભૂતબંગલામાં, સામે ચાલીને (અંધશ્રદ્ધામાં માન્યા વિના) રહેવાનું પસંદ કરનારી ગરિમાને પિતાએ આશીર્વાદ આપેલા 'બેટા ... સુખી થજે. ગરીબની દયા તાકજે'[૧૨] અને એક વખત ગરિમા, નોકરાણી ચંપા સાથેની સાધારણ વાતચીતમાં બોલી દે છે, 'ઇંદ્રોડા પણ સુધરશે'[૧૩] ઉપરોક્ત બંને વિધાનને ચરિતાર્થ કરવાના ગરિમાના પ્રયાસ એ નવલકથાનો વર્ણ્યવિષય બને છે. કથાવસ્તુ ઉપરોક્ત બંને વિધાનને સાચા પાડવા જાણે ગતિ કરે છે. પ્રારંભથી રહસ્ય ગુંથાતું જાય છે. ઈન્કવાયરી આગળ ઝઘડો થયો. ઝઘડામાં ચંપાના દિયર ગોપાળ નાયીનું નામ આવ્યું. ગોપાળ ઝંખવાયો. ઈન્કવાયરી ઓફિસના ચોકીદાર, ઇંદ્રોડાના વતની જગતસિંહને અને ચંપાને ગરિમાએ ઠપકો આપ્યો. (પરંતુ ઝઘડો શાનો હતો તે રહસ્ય હજુ અકબંધ રહે છે.) પોતાની ભૂલનું ભાન થતાં ઝંખવાયેલ ગોપાળને જોઈ, ચંપાથી ન રહેવાતાં ઉશ્કેરાટમાં ચોકીદાર જગતસિંહને ફોન પર ખખડાવ્યો. એની ભારે અસર તળે ગરિમાથી ડરતાં ડરતાં બીજે દિવસે સવારે જગતસિંહ, ઇંદ્રોડાના માથાભારે દરબાર પરથી (પૃથ્વી) અને એના મિત્ર બાદરને સમજાવીને ગરિમા મેડમના બંગલે લઈ ગયા. જરાય ડર્યા વિના, ધાકધમકીને તાબે થયા વિના, ગરિમાની સામે જ ગોપાળને મારવાની ધમકી પરથીએ ઉચ્ચારી. પરિસ્થિતિ પામી જતાં ગરિમાએ પોલીસ બોલાવી, થપ્પડ મારનાર પોલીસનો કોલર પકડવાની હિંમત કરનાર પરથીને, એની સ્થિતિ-પરિસ્થિતિને 'કંઈક' સમજી ગયેલ ગરિમા એને પોતાની સાથે ગાડીમાં બેસાડીને ઓફિસ-સચિવાલય લઈ ગઈ! કથાવસ્તુનો આ મહત્વપૂર્ણ વળાંક છે. અહીંથી નવલકથાની દિશા અને અન્યાય પામેલ પાત્રોની દશા બદલાવવાની શરૂઆત દેખા દે છે. આ પહેલાં આઠ પ્રકરણમાં ગરિમાનો આછો પરિચય, ચંપાના જીવનની કઠણાઈ એની કર્મઠતા અને બહાદુરીની ઝલક, જુગોજી-જગતસિંહની ઓળખ, ઇંદ્રોડાનું ગાંધીનગરમાં ગરક થવાની ઘટનાની માહિતી, નગરનિર્માણમાં ઘર-ખેતર ગુમાવનાર 'ગામનું નાક' ગણાતા જલમસંગ દરબાર-મુખીએ એમની જ જમીન પર ઊભા થયેલ સરકારી બંગલામાં કરવી પડેલ ચોકીદારી અને ક્યાંક અપમાનિત થતા હાડોહાડ લાગી આવતા

અપમૃત્યુને વરેલ દરબાર જલમસંગ ભૂત થઈ બંગલે ભટકે છે - ની વહેતી થયેલ વાતોની વિગત મળે છે અને '... પહેલાં જ્યાં ઘઉં ઊગતા, બાજરી ઊગતા - એ જમીનમાં છેલ્લાં ઘણાં વરસથી ઊંચી ઊંચી ઈમારતો ઊગી નીકળી હતી.'[૧૪] '... અમારી જમીન. એમાં અમે જ પારકા થઈ ગયા'[૧૫] ની પીડાનો ચચરાટ પાત્રોના કથનમાં, પાત્રોના મનોભાવમાં, પાત્રોના વર્તનવલણમાં અને ગાંધીનગરના અધિકારીઓની વાતમાંય વરતાય છે. આ પીડા - આ ચચરાટ તીવ્રરૂપે બહાર આવે, સીધી લડાઈ સુધી વાત પહોંચે અને ઇંદ્રોડાવાસીની સીધી જ મુલાકાત ગરિમા સાથે થાય એવી કેન્દ્રવર્તી ઘટના તે પરથીની બહેન ગુલાબ (ઢબુ) સેકટર નવમાં ગાય-ભેંસ ચરાવવા ગયેલી અને પેશાબ-પાણી માટે બંગલા સામે બેઠેલી જોતાં ગરિમાને ત્યાં ચોકીદારની નોકરી કરતા ગોપાળે તેને ઢેખાળો માર્યો તે છે. ઢેખાળો લાગતાં જે પીડા ઊપડી તે છાની રહી શકે તેમ ન હોવાથી ગુલાબે ભાભીને વાત કરી, ભાભીએ ભાઈને કહી. અપમાનિત થયાની લાગણીથી ઘવાયેલ પરથીએ ઘણા વખતનો દબાવી રાખેલ ધુંધવાટ બહાર આણ્યો. પરથીનું સ્વાભિમાન પોકારી ઊઠયું. ગોપાળને પાઠ ભણાવવાનો એણે નિર્ણય કર્યો. ગરિમાની હાજરીમાં એના જ બંગલા પાસે પરાક્રમીની અદાથી બૂમાબૂમ કરી મૂકી. પોલીસઅધિકારીથી પણ ન ડરનારા, મોટા અધિકારી ગરિમા મેડમની શેહ શરમમાં ન આવનારા પરથીએ પોતાની વાત મક્કમતાથી મૂકતા એના આક્રોશને સમજતા, એનામાં 'હીર' ભાળી ગયેલા ગરિમા મેડમ સરકારી ગાડીમાં પોતાની સાથે બેસાડીને ઓફિસે લઈ ગયા. આ નાટ્યાત્મક પ્રસંગ નાનો છતાં રસપ્રદ અને સમગ્ર નવલકથા માટે અગત્યનો બની રહે છે.

સચિવાલયની ઓફિસમાં કોફી પીતાં પીતાં પરથીના વર્તન પાછળના કારણની ચર્ચા થતાં ગરિમાને સાચી ઘટનાની જાણ થાય છે. સમગ્ર ઘટના અંગે આ ઓફિસરે 'ખેદ' વ્યક્ત કરી, 'પોલીસ બોલાવી તે મારી ભૂલ હતી'[૧૬] 'તમારો ગુસ્સો વાજબી હતો'[૧૭] એમ કહેવાથી પરથી થોડો શાંત પડયો. ચર્ચામાં ગરિમાએ જાણ્યું જલમસંગ મુખીનો પુત્ર તે પરથી છે. જે બંગલામાં એ રહે છે તે જમીન એની જ છે. એ જ બંગલામાં એના પિતાના આત્મા હોવાની જગજાહેર ચર્ચા છે. આ સમજાતાં ખૂબ સાવધાનીથી, સમભાવથી, સહાનુભૂતિથી ગરિમાએ પરથીને 'મેં તમારા બાપુ વિશે સાંભળ્યું છે ખરું ... ઊલટાનું એમ લાગે છે કે ઘરમાં કોઈ વડીલની સૂક્ષ્મ હાજરી છે ને એ

પળેપળ મારું રખોપું કરે છે!'[૧૮] ગરિમાનાં આ વાક્યોએ પરથીનો ગુસ્સો જાણે આંસુ વડે ખરી પડયો. આ 'સાર્થક ચર્ચા' પરથીના મનમાંથી અને ભાવકના મનમાંથી સરકારી અધિકારીઓ વિશેની સ્વાર્થી, ખંધી, મુસદ્દી, રોફ જમાવનાર હોવાની છાપ કે ગેરમાન્યતા જાણે દૂર થાય છે, સાથે નવલકથામાં પણ તનાવ ક્રમશ: દૂર થતો જાય છે. નવલકથા સુખદ પરિણામ તરફ આગળ વધવાની આશાસ્પદ સ્થિતિનું નિર્માણ અહી જોઈ શકાય છે. 'સાબરમતી એકલા સંત નથી પકવતી, એ ડાકુ પણ પકવી જાણે છે!'[૧૯] ના વિધાને ધ્રૂજાવી દેતા રખડેલ, દારૂડિયા, પિતાના નામ પર પાણી ફેરવનારાની છાપ ધરાવનાર પરથીના જીવનપરિવર્તનની અને એ રીતે ઇંદ્રોડાવાસીઓ-ભાનભૂલેલા યુવાનો માટે દિશાસૂચન રૂપ ઘટનાઓ આકાર લે છે. નવલકથાનો બંધ સુગ્રથિત અને ચૂસ્ત છે, વાચકોને જકડી રાખનાર અનુભવી કલમનો કસબ વરતાય છે.

ગરિમા જોડે પરથીની એક મુલાકાત પછી અનેક મુલાકાતોના દ્વાર જાણે ખૂલે છે. ગરિમા પરથીને, પોતે પહેલા જ્યાં કલેકટર હતી તે સાબરકાંઠાનાં એક કુદરતી સ્થળે ગુરુકુળસમી સરકારી મદદથી ચાલતી શાળા અને છાત્રાલયનો વહીવટ જોવા-માણવા લઈ જાય છે. ગરિમાનો ઈરાદો પરથીને એકાદ છાત્રાલય ફાળવી ઠરીઠામ કરવાનો છે! આશ્ચર્ય અને કદાચ ભાવકને વાંચતા આઘાત લાગે એવી આ બાબત કે ઘટના છે. પરથી વ્યસની છે, ગેરમાર્ગે વળેલા પરથીને સદમાર્ગે વાળવાનો આ પ્રયાસરૂપ પ્રસંગાલેખન છે, પરંતુ પરથી સાથે એકાદ મુલાકાત બાદ જ ગરિમાને લાધેલ આ વિચાર શંકાસ્પદ અને જોખમભર્યો ભાવકને લાગે. જ્યાં નિર્દોષ બાળકો રહે એ છાત્રાલય વ્યસની, મારામારી કરતાંય ન અચકાય એવા માથાભારે પરથીને કેવી રીતે ફાળવાનો વિચાર કરાય! ભાવકની આ શંકા સાચી પણ પડે છે. આશ્રમ બહાર સ્હેજ આંટો મારવા ગયેલ પરથી નશો કરીને આવે છે. આ વર્તને ગરિમાના મનમાં પણ ગડમથલ શરૂ થાય છે. છતાં, અનુભવી ગરિમાને માનવતામાં વિશ્વાસ છે. પરથીની શક્તિને યોગ્ય દિશામાં વાળી, યુવાધનને ઠરીઠામ કરી, નવસર્જનની તક ઝડપી સદ્પરિણામ તરફ દોરી જવા ગરિમાએ જાણે મક્કમ નિર્ધાર કર્યો છે. '... સરકાર અમને સત્તા પણ આપે છે.... હું એનો સારા માર્ગે ઉપયોગ કરવા માગું છું.'[૨૦] 'જેનું લૂણ ખાઉં છું એ પ્રજાનું કંઈ કામ કરી છૂટ્યાનો સંતોષ થશે'[૨૧] વહીવટના

કામ સાથે વસતિના કામ, વહીવટની ઉપર જઈ નૈતિક જવાબદારી નિભાવવાની આ નારીની ઉચ્ચભાવનાનો જય થતો અહીં દેખાય છે.

ગામને એકત્ર કરવા પરથી અને એના જેવા યુવાનોને સમાજના કામમાં જોતરવાની શરૂઆત ગરિમા પોતાના જન્મદિન-રક્ષાબંધન પર્વે ઇંદ્રોડા ગામમાં 'રક્તદાનશિબિર' યોજીને કરે છે. પ્રથમ રક્તદાન ગરિમા કરે છે. પરથીને રાખડી બાંધી 'ભાઈ' બનાવી 'ભેદરેખા' મીટાવી ગ્રામજનોનો વિશ્વાસ જીતી લે છે. રક્તદાનના આયોજનને બહાને ગામલોકોને મળવાનો સહજ જ પ્રસંગ અહીં ઊભો કરી સર્જક સંવેદનશીલ વહીવટદાર ગરિમાના દૂરંદેશીપણાનો, લોકમાનસ પારખું દષ્ટિનો પણ પરિચય કરાવે છે. ગ્રામજનો સાથે ગરિમાની સહજ-સ્વાભાવિક વર્તણૂંકે આ પ્રસંગ વહીવટી અધિકારી અને સામાન્યજન વચ્ચેની દિવાલ તોડનારો બની રહે છે.

નવલકથાને અંતે પરથીના મિત્રનું આકસ્મિક-અણધારેલું મૃત્યુનો, આત્મહત્યાનો પ્રસંગ ભાવકને એકદમ જચતો નથી, પરથીની બહેન ગુલાબ જોડે પરિણિત બાદરજીના અનૈતિક સંબંધને કારણે બંને પરથીથી સતત ડરતા રહેતા અને સાવધ પણ રહેતા. ગુલાબને ખબર છે કે આ સંબંધની પરિણિતી ક્યાંય નથી. પરથીને શંકાનું કારણ ન રહે એ માટે રક્ષાબંધનના દિવસે ગુલાબ બાદરની સંમતિથી એને રાખડી બાંધવા તૈયાર થાય છે ! પરંતુ આસક્ત બાદર રાખડી બાંધતી ગુલાબને અટકચાળો કરતાં ગુલાબે અપમાનિત કર્યો. ઘવાયેલ બાદરે ઝેર પીને આત્મહત્યા કરી. એના મૃત્યુની ગૂંચ ઊકેલાતી નથી. ... પરથીજીમાં એક માંડ માંડ ઢબૂરાય ગયેલ 'પરથી' ફરી ગર્જી ઊઠે છે. '... ઈના મારનારનં તો મું પાતાળમાં પેઠો હશે તોય હોધી કાઢોય ... ઈના રાઈ રાઈ જેવડા કટકા કરીન્ નદીમાં ...'[૨૨] નવલકથા આ પ્રસંગ સાથે પૂર્ણ થાય છે.

પ્રશ્નો છે. સમાધાન શોધવા માટે તરફડતા માનવોની અહીં વાત છે. એક સરકારી મહિલા અધિકારીની સમાજ તરફની જવાબદારીની સભાનતા-જાગૃતિ અને એના 'અમલ'ની લોકભોગ્ય બની રહે એ રીતની, 'વાચકને જિજ્ઞાસારસની જાળવણી સાથે વાંચવામાં ભાગ્યે જ બૌદ્ધિકશ્રમ કરવો પડે એવી તકેદારી'[૨૩] સાથે લખાયેલી આ કૃતિ છે.

નવલકથાનાં ઉત્તરાર્ધમાં ચંપા-ગોપાળના પાત્રનુ મહત્ત્વ રહેતું નથી. લેખકે બાદરનુ આકસ્મિક મૃત્યુ દર્શાવી પરથી અને બાદર વચ્ચેની મિત્રતાને શત્રુતામાં પરિવર્તિત થવાની

સંભાવના સમાપ્ત કરી અને બાદર સાથેના સંબંધને કારણે સતત મૂંઝવણ અનુભવતી, કુટુંબનું હિત હૈયે રાખનારી ગુલાબને જાણે ઊગારી લીધી.

નવલકથામાં ગરિમા સિવાયનાં નારીપાત્રોય નોંધપાત્ર બની રહે છે. પતિનું મૃત્યુ થતાં, પતિની સેવામાં અને નાની દીકરી રિન્કુના ઉછેરમાં સાથ આપતા દિયર જોડે નિર્ભીકપણે પરણ્યા વિના, લોકનિંદાની પરવાહ કર્યા વિના રહેતી ઘરકામ કરનારી, દિયર ગોપાળની રક્ષક ચંપા, જેના - 'એક હાકોટે આખું ઇંદ્રોડું ઊભું થઈ જાય'[૨૪] એવા પિયરમાં બાળરંડાપો ગાળનારા પરથીના વૃદ્ધ ફોઈબા, ઘરમાં બધી રીતે સંતુલન જાળવતી સમજદાર પરથીની પત્ની સજન જેવાં નારીપાત્રો બળવાન-જાજરમાન નિરૂપાયાં છે. ગુલાબ ગભરુ છે પણ સમજણ ધરાવે છે. આ નારીપાત્રોની સામે લંપટ બાદર, બિચારો ગોપાળ ડરપોક લાગે છે. દરબારોનું વર્ચસ્વ ધરાવતું ઇંદ્રોડા ગામનું સમાજચિત્ર સર્જક ઠીક ઠીક ઊપસાવી શક્યા છે. અભણ, ગમાર, અબુધ, આળસુ ગ્રામજનોની છાપ સ્પષ્ટ જોઈ શકાય છે. નવલકથાના ઉત્તરાર્ધમાં નવું સ્થળ, નવાં પાત્રો અને એની સમસ્યા પણ નિરૂપાયાં છે, છતાં પરથી જેવા પાત્રની સમસ્યાનો અંત ત્યાં સાબરકાંઠાના પ્રકૃતિસભર રમણીય સ્થળે દર્શાવી એ સ્થળની મહત્તા પણ બતાવી છે. સર્જક જાણે સ્થળપરિવર્તનથી ભાગ્યપરિવર્તન - જીવનપરિવર્તન તરફ પાત્રોને દોરે છે. ગાંધીવિચારને વરેલ કેળવણીકેન્દ્ર સમી આશ્રમશાળા છે. પ્રામાણિકપણે બાળઘડતર માટે કંઈ કરવાની નેમ ધરાવતા સંચાલક શિવગિરિ અને શાળના આચાર્ય જેવા ઉમદા-ગુણીજન છે. દૂર સ્થળે રહી નોકરી કરતી કુંવારી દીકરીની ચિંતા કરતા ગરિમાના પિતા 'ભારતીય પિતા' તરીકેનું વાત્સલ્યસભર પાત્ર છે. માત્ર ટેલિફોનિક વાતચીતથી જ પિતા-પુત્રીના લાગણીભર્યા સંબંધનું ઊંડાણ સમજાય છે.

ગામ છોડી શહેરમાં રહેતા, ગામનું હિત ચાહતા, ગરીબ બાળકો માટે છાત્રાલય શરૂ કરવા ગામનું ઘર એમ જ આપી દેતા ઉદારદિલ શેઠ વેણીચંદ દ્વારા ગામની સિકલ બદલવાની આશાસ્પદ સ્થિતિનું નિર્માણ નવલકથાને સુખદ-સંતોષપ્રદ અંત તરફ દોરે છે.

વહીવટની આંટીઘૂંટીયુક્ત ગાંધીનગર અને દારૂની ભઠ્ઠીમાં શેકાતા ઇંદ્રોડાની સામે ખરા અર્થમાં તંદુરસ્ત વાતાવરણ ધરાવતું સાબરકાંઠાના જંગલવિસ્તારમાં પ્રકૃતિના ખોળે વિકસેલું ગુરુકૂળ આશ્રમશાળાનું સ્થળ છે. જ્યાં પરથી થોડો સમય ભાન ભૂલે છે, દારૂ પી લે છે, પરંતુ

પ્રાયશ્ચિત્તરૂપે દારૂ ન પીવાની પ્રતિજ્ઞા પણ લે છે, તે તેના અને ગ્રામજનોના ઉજ્જવળ ભવિષ્ય માટે પ્રથમ પરંતુ મક્કમકદમ સૂચક છે.

'જબરજસ્ત ઊર્જાવાન યુવાન છે એના માધ્યમથી આખું ગામ તરી શકે'[૨૫] પરથી માટે ગરિમા દ્વારા બોલાયેલ આ વિધાન સાર્થક થઈ રહે છે. 'તારવાના' પ્રયાસમાં રત, અતિવ્યસ્ત વહીવટદાર ગરિમા મેડમ શ્રમ ઉઠાવે છે, સમયદાન દે છે. યોગ્ય વિચાર, યોગ્ય સમયનો નિર્ણય પાત્રોને કામ તરફ ગતિમાન રાખે છે. સક્રિય રાખે છે. નવલકથાનું ચાલકબળ ગરિમા છે. ગરિમાસ્પર્શે 'ઇંદ્રોડા', 'ઈન્દ્રાવતી'માં રૂપાંતરિત થવા જાણે થનગને છે. 'ગ્રામજનોને જે તે સમયે સરકાર દ્વારા થયેલા અન્યાયને થોડો હળવો કરવા કશુંક કરી છૂટવાની'[૨૬] ભાવનાને ચરિતાર્થ કરવા ગરિમાયુક્ત 'અમલ' જ નવલકથાને ખરા અર્થમાં 'નવલ' બનાવે છે.

'વહીવટ કરતાં વિદ્યાને અને સેવાને અગ્રતા આપતા રહેલા ... ગુજરાતના પૂર્વ મુખ્યસચિવ શ્રી પ્રવીણભાઈ ક. લહેરીને સાદર'[૨૭] અર્પણ થયેલ આ કૃતિ અન્ય લોકપ્રિય કૃતિની જેમ વાંચીને, રાજી થઈને ભૂલી જવા જેવી તો નથી. લોકબોલીના, શિષ્ટ ગુજરાતીના અને અંગ્રેજીના મિશ્રણવાળી લોકભોગ્ય ભાષાશૈલી, અભિવ્યક્તિની સરળતા, સાંપ્રત વિષયવસ્તુ, જીવંત ચરિત્રચિત્રણને લીધે - નવલકથા લોકપ્રિય સાહિત્યના અને શિષ્ટસાહિત્યના વાચકને ય આકર્ષી શકે એટલી મોહક છે.

**પાદટીપ** :


૧. 'નિરંતર' (લોકપ્રિય અને લોકપ્રિય સાહિત્ય) -લે./પ્ર. નીતિન મહેતા. પ્ર.આ. ફેબ્રુઆરી,૨૦૦૭ પૃ. ૧૩

૨. 'ઈન્દ્રાવતી' -લે. કેશુભાઈ દેસાઈ,પ્ર. આર .આર શેઠ એંડ કો...મુંબઈ પ્ર.આ.૨૦૨૧. પૃ. ૧

૩. 'ગુજરાતી સાહિત્યકોશ' ખંડ-૨ (અર્વાચીનકાળ) -મુખ્ય સંપા. ચંદ્રકાન્ત ટોપીવાલા. પ્રકાશક: ગુજરાતી સાહિત્ય પરિષદ,અમદાવાદ પ્રથમ આવૃત્તિ,૧૯૯૦ પૃ. ૨૪૮

૪. 'શબ્દસૃષ્ટિ'-દીપોત્સવી વિશેષાંક- 'ટૂંકીવાર્તા અને હું'- સંપા. હર્ષદ ત્રિવેદી,ઓક્ટોબર-નવેમ્બર: ૨૦૦૯ પૃ. ૪૧

૫. 'ઈન્દ્રાવતી' - કેશુભાઈ દેસાઈ, મુખપૃષ્ઠ

૬. 'ગળતાં કોતરની કથા' - કેશુભાઈ દેસાઈ, પૃ. ૭

૭. 'ઈન્દ્રાવતી' - કેશુભાઈ દેસાઈ, છેલ્લું મુખપૃષ્ઠ

૮. એજન, પ્રસ્તાવના પૃ. ૧૦
૯. 'ઈન્દ્રાવતી' (ગળતાં કોતરની કથા) - કેશુભાઈ દેસાઈ, પૃ. ૭, ૮
૧૦. 'ઈન્દ્રાવતી' (ગળતાં કોતરની કથા) - કેશુભાઈ દેસાઈ, પૃ. ૮
૧૧. એજન, પૃ. ૭
૧૨. એજન, પૃ. ૨૧
૧૩. એજન, પૃ. ૧૯
૧૪. એજન, પૃ. ૫૦
૧૫. એજન, પૃ. ૫૧
૧૬. એજન, પૃ. ૧૦૦
૧૭. 'ઈન્દ્રાવતી' - કેશુભાઈ દેસાઈ, પૃ. ૧૦૦
૧૮. એજન, પૃ. ૯૯
૧૯. એજન, પૃ. ૧૦૪
૨૦. એજન, પૃ. ૧૫૬
૨૧. એજન, પૃ. ૧૫૭
૨૨. એજન, પૃ. ૨૧૮
૨૩. 'નિરંતર' (લોકપ્રિય અને લોકપ્રિય સાહિત્ય) - લે./પ્ર. નીતિન મહેતા, પૃ. ૧૫
૨૪. 'ઈન્દ્રાવતી' - કેશુભાઈ દેસાઈ, પૃ. ૧૩૨
૨૫. એજન, પૃ. ૧૯૧
૨૬. એજન, પૃ. ૧૬
૨૭. એજન, પૃ. ૫

**સંદર્ભ સૂચિ:**

૧. 'ઈન્દ્રાવતી' – કેશુભાઈ દેસાઈ. પ્રકાશન: આર.આર.શેઠ, મુંબઈ. પ્રથમ આવૃત્તિ: જુલાઈ ૨૦૨૧.
૨. 'ગુજરાતી સાહિત્યકોશ' ખંડ-૨ (અર્વાચીનકાળ) – મુખ્ય સંપાદક ચંદ્રકાન્ત ટોપીવાલા. પ્ર. - ગુજરાતીસાહિત્યપરિષદ, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ: ૧૯૯૦
૩. 'શબ્દસૃષ્ટિ' દીપોત્સવી વિશેષાંક – 'ટૂંકીવાર્તા અને હું' - સંપા. હર્ષદ ત્રિવેદી. પ્રકાશન: ગુજરાતસાહિત્ય અકાદામી વર્ષ: ૨૬, અંક: ૧૦ – ૧૧. ઓક્ટોબર - નવેમ્બર ૨૦૦૯.
૪. 'નિરંતર' (લોકપ્રિય અને લોકપ્રિય સાહિત્ય) -લે./પ્ર. નીતિન મહેતા.પ્રથમ આવૃત્તિ: ૨૦૦૭.